UNITED INTERNATIONAL

GUJAJARATI CHRISTIAN SOCIETY

NEW YORK & NEW JERSEY

Phone # (732) 855-0596 ╫ email:jospausa@yahoo.com

*(A NOT-FOR-PROFIT ORGANIZATION)*

# AMERICAN CHRISTIAN NEWS

# અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ

**FOUNDER: Lt. REV. MANUBHAI V. CHRISTIAN**

**EDITOR: JOSEPH PARMAR**

ISSUE–99 YEAR–33, January-February- 2012

**તંત્રીની કલમે આ પત્ર...**સમય એનું કામ કર્યે રાખે છે. “અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ” મારફતે 2011માં આપણે 2011ની ‘ક્રિસ્મસ’ અને 2012ના “ન્યુ યર”ની રાહ જોતા હતા. સમગ્ર વિશ્વ જાણે નાતાલમય બની ગયું હતું. “નૂતનવર્ષ” બરાબર 31મી ડિસેમ્બરની છેલ્લી સેકંડની ઇંતેજારીમાં 2012ના વર્ષની પહેલી સેકંડે “Happy New Year!” કહીને રૂબરૂ શુભેચ્છા પાઠવવા હજારો-લાખો લોકો કોઈ ને કોઈ સ્થળે ભેગાં મળે છે! કેટલો બધો ઉત્સાહ, ઇંન્તેજારી અને કેટલી બધી સ્નેહભાવના!

આવા હસીખુશીના અવસરમાં પણ દુનિયામાં અનેક સ્થળોએ અશાંતિ, દહેશત અને કરુણાના માહોલની ખબરો પણ મળે છે. મનુષ્યમાં વસતા માનવતાના ભાવ, સામે ઘાતકી ભાવ, 21મી સદીમાં કેમ ઘટતો જતો નથી? કેમ માણસ અન્ય માણસનો દુશ્મન બનતો અટકતો નથી?

ઈસુ ઈશ્વરના પુત્ર તરીકે પશુઓના રહેવાના સ્થળે જન્મ લે છે. ઈસુ ઉંમરમાં વધતાંની સાથે ગરીબ, સીધાસાદા માછીમારો પાસે જાય છે અને તેમને શિષ્યો બનાવે છે. દુ:ખી, બિમાર, સંકટમાં ઘેરાયેલા, જરૂરીયાતમંદોની પડખે રહેતા ઈસુના જન્મદિનને ક્યારે મનાવ્યો કે ખરેખર ઉજવ્યો ગણાય? આ પ્રશ્નના ઉત્તર શોધવા જેવા છે!

ક્રિસ્ટોફર કૉલંબસ તો દરિયાઈ માર્ગે હિન્દુસ્તાન જવા નીકળ્યો હતો અને આવી પહોંચ્યો ‘નવી દુનિયા’-‘અમેરિકા’માં! પછી પોતાનો ધર્મ બચાવવા યુરોપિન પ્રજા અમેરિકામાં આવી. થોડાં વર્ષોમાં “યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા” એક સમૃધ્ધ દેશ તરીકે વિશ્વમાં જાણીતો બન્યો.

જ્યારે યુરોપના દેશોના ઘણા પ્રભુ ઈસુનો સંદેશો ફેલાવવા સાથે ગરીબો-પીડિતોની સેવા માટે એશિયા-આફ્રિકાના દેશોમાં જવા લાગ્યા હતા. તે સૌને દુ:ખિત મનુષ્યોનો સર્વાંગી વિકાસ કરવાની તમન્ના હતી. પોતાના દેશમાં સુખી-સમૃધ્ધ પરિવારના યુવક-યુવતીઓ અન્ય દેશમાં પોતે સમૃધ્ધ થવા નહિ, પણ અન્યને શિક્ષણ અને જ્ઞાન આપી રોજી રોટી અને ઘરનું ઘર જાતે બનાવી શકે તેવી આર્થિક પરિસ્થિતિમાં લાવવા, અને સ્વમાનથી પોતાનું જીવન ગુજરાન કરી શકે તેવું ઘડતર કરવા જાતે મુશ્કેલી વહોરી લેતાં હતાં. ઈસુના જીવન સંદેશ દ્વારા આ શક્ય હતું.

આજે, દુનિયાભરમાં લોકો કેવી રીતે અને બીજા ક્યાં દેશમાં જઈને સમૃધ્ધ અને ધનિક-પૈસાદાર ઝડપથી થઈ જઈએ, તેવાં સ્વપ્નાં સેવે છે. અને આવો સ્વપ્નાંનો દેશ અમેરિકા, જાણે સ્વપ્નાં પૂરાં કરાવતો દેશ હોય તેમ સૌને લાગે છે! અને છતાંય સુખી સમૃધ્ધ અમેરિકનોમાંથી ઘણા દુનિયાના અનેક ગરીબ, અવિકસિત દેશોમાં વંચિત, અશિક્ષિત અને આર્થિક નબળા લોકોને સ્વૈચ્છિક સેવાઓ આપવા પહોંચી જનારા ઘણાં છે! જાતે સુખી હોવા છતાં અન્યોને માટે મુશ્કેલીઓ વહોરી લે છે! આ જ ઉપર પૂછયેલા પ્રશ્નનો એક સારો ઉત્તર કહી શકાય! શું પોતાના દેશમાંથી વિદેશમાં જઈને કે ગયા વિના સમાજસેવા કરી શકાય? આને જ ઉપર પૂછયેલા પ્રશ્નનો એક સારો ઉત્તર કહી શકાય! શું પોતાના દેશમાંથી વિદેશમાં જઈને જ સમાજસેવા કરી શકાય? જેઓ બીજા દેશમાં જનસેવા કરવા જઈ શકતા નથી તેઓ પોતાના દેશમાંથી રહીને જ સમાજસેવા ન કરી શકે? શું આપની આસપાસ દુ:ખી, ગરીબ, વંચિત લોકો નથી વસતા? માનવતાને સાચા અર્થમાં સમજીને જરૂર હોય તેવાં કુટુંબો જે નજીકમાં, સ્થાનિક સ્થળોમાં હોય તેઓની સેવા ન કરી શકીએ? પ્રભુ ઈસુએ પોતાના જીવન દ્વારા જ સેવા, દુ:ખી દરિદ્રોની સેવા કરતાં રહીને જીવન જીવવનો સાચો માર્ગ શીખવાડ્યો છે! સને 2012ના વર્ષમાં પ્રભુના આદેશો મુજબ જીવન જીવવનો નિર્ણય કરીને ખુદનો આત્મિક ઉધ્ધાર કરીએ, અને જેઓને જરૂર છે તેઓની મદદ માટે કશું કરીશું?

**સોનેરી નવું વર્ષ!** – *ઈલા જોબર્ટ (Union City, NJ)*

“નવા વર્ષ”ની સલામ સાથે જણાવવાનૂં કે, પ્રભુ અગણિત લોકોના જીવનમાં વર્ષો ઉમેર્યા કરે છે. અને આમ હવે 2012ની સાલ પ્રભુની કૃપાથી આવી ચૂકી છે. આ વર્ષે પણ પ્રભુ આપણને હેતુપૂર્વક્નું જીવન આપવા માગે છે. તેથી તો પ્રભુએ આપણને નવા વર્ષમાં પ્રવેશ કરાવ્યો છે. પ્રત્યેક મનુષ્ય માટે પ્રભુનો હેતુ છે. વિશ્વાસપૂર્વક આપણાં હૃદયો ખૂલ્લાં કરીએ. યોહાન 8:32 *“તમે સત્ય જાણવા પામશો, અને સત્ય તમને મુક્તિ આપશે.”* ઈશ્વરની અનેક આશિષો જીવનને સત્યતાપૂર્વક આગળ વધારે છે. માથ્થી 9: 29 *“પછી ઈસુએ તેમની આંખે હાથ અડાડીને કહ્યું,” “તમારી શ્રધ્ધા ફળો.”* સત્ય તો એ છે કે, પ્રભુનાં વચનો અને વિશ્વાસને આપણે પ્રાપ્ત કરવાના છે. રૂમી 10:17 પ્રમાણે સાંભળવાથી વિશ્વાસ થાય છે. ખ્રિસ્તનાં વચનો વાંચવાથી તેમાં રહેલાં સત્યો સમજાય છે. માથ્થી 4:4 *”માણસ એકલી રોટલીથી નહિ પણ દરેક શબ્દ, જે દેવના મુખમાંથી નીકળે છે, તેથી જીવશે.”* આકાશી રોટલી હૃદય, મગજ અને આત્માને તૃપ્ત કરે છે, એ જ સત્ય છે.

દેવનાં વચનો તો ફળ જેવાં છે. જે જીવન આપે છે. પાકેલાં ફળો વચ્ચે ભૂખ્યો જન હોય અને તે ખાય તો જીવન મળે, અને ન ખાય તો મૃત્યુ પામે. જીવન મેળવવા દેવનાં વચનોરૂપી ફળ આરોગવું પડે. યાકુબ 1:22-25 *“વચનને પાળનારા થાઓ. પોતાને છેતરીને સાંભળનારા જ નહિ. કેમકે, જે કોઈ માણસ વચન પાળનાર નથી, કેવળ સાંભળનાર છે તે પોતાનું સ્વાભાવિક મોં અરીસામાં જોનાર માણસના જેવો છે. તે પોતાને જુએ છે, પછી ત્યાંથી ખસી જાય છે અને પોતે કેવો હતો તે ભૂલી જાય છે. પણ જે માણસ સ્વાતંત્ર્ય આપનાર સર્વાંગપૂર્ણ શાસ્ત્રમાં ધારીને જુએ છે અને તેમાં જ મગ્ન રહે છે, જે સાંભળીને ભૂલી જતો નથી,પણ આચારમાં ઉતારે છે, તે માણસ પોતાના એ આચારને લીધે પરમસુખી થશે.”* આપણે રોજના જીવનમાં પ્રભુ સાથે કામ કરીએ

તો આ સત્ય સમજી શકીશું. જે દેવ ખુશીથી આપે છે તેની સાથે ભાગીદારી નોંધાવવાની છે. આપણા પ્રભુને જીવનમાં ભાગીદાર બનાવવાની જરૂર છે, એકલા રહીને ફળ આપી શકાય નહિ. ઈશ્વરની મદદ વિના કંઈ કરી શકાય નહિ. વચનો સાથે જોડાઈને રહીશું તો દરરોજ નવીન આશીર્વાદોથી ભરપૂર થઈશું. આપને હંમેશાં પ્રભુને મહિમા આપીએ, તેની સ્તુતિ કરીએ. તેના તરફથી મળેલ આશિષો માટે એકલો તે જ મહિમાવાન છે. ગીતશાસ્ત્ર 66:18-20 *"જો હું મારા હૃદયમાં ભૂંડાઇ કરવાનો ઈરાદો રાખું તો પ્રભુ મારૂં સાંભળે જ નહિ. પણ ઈશ્વરને ધન્ય હોજો કે જેણે મારી પ્રાર્થનાની અવગણના કરી નથી, તથા મારા પરની તેની કૃપા અટકાવી નથી,"* તે સત્ય સમજીએ.

મનમાં ઉદભવતા અનેક વિચારો અને તરંગોને સમજીએ અને સત્ય શોધીએ. પ્રભુનાં વચનો તરફ લક્ષ્ય રાખીએ. સ્વ. ધનજીભાઇ ફકીર, જેમણે ભજન સંગ્રહમાં ઘણાં ગીતો લખ્યાં છે. તેમનું વિરચિત પુસ્તક "પ્રાર્થનાંજલિ"ની પ્રાર્થના વાંચીએ, *"હે પ્રભુ! તું અમને એવા વિચાર આપ, જે પ્રાર્થનામાં પરિણમે. પ્રાર્થના પ્રેમમાં પરિણમે અને પ્રેમ જીવનમાં પરિણમે."* આ સત્ય વચનો મારા આત્માને શુધ્ધ કરી તારા પ્રેમને ન્યાયીપણા અને સત્યતામાં જીવન જીવવા કૃપા આપે. એ જ પ્રાર્થનાસહ આપ સૌને સોનેરી "નવું વર્ષ" મુબારક હો!

**"નૂતન વર્ષે આપના સૌની આ પ્રાર્થના!**

હે પરમાત્મા,
આજના નવા વર્ષે, આ દુનિયામાં જન્મ આપવા માટે અમે તમારો આભાર માનીએ છીએ.
અમને એવું હૃદય આપો, જે તમારે માટે આ દુનિયાને ચાહી શકે.
દરેક દિવસે અમે એક પગથિયું ઊંચે ચડીએ,
થોડાક વધુ તમારી નિકટ આવીએ,
રોજેરોજ, કોઈ સત્કર્મ વડે અમારા હૃદયમાં રહેલા તમને વ્યક્ત કરીએ.
દરેક વર્ષે, આજનો દિવસ આવે ત્યારે આગલા વર્ષ કરતાં અમારું જીવન વધુ કૃતાર્થ બન્યું છે, એમ અમે કહી શકીએ, એવી આજના "નૂતન વર્ષે" અમારી પ્રાર્થના છે. *(સૌજન્ય: "પરમ સમીપે"-ક્રુન્દનિકા કાપડિયા)*
નોંધ: આ પ્રાર્થના સર્વધર્મી બોલી શકે છે. સીધી પ્રભુ સાથે વાત થાય છે

**બાઈબલ સ્ટડી-નવે-ડિસેબર, 2011ના સાચા જવાબો મોકલનાર વિજેતા:-**

1. પુષ્પાબેન તમાસી-શિકાગો 2. ભાનુમતી ક્રિસ્ટી-કેલિફોર્નિયા
3. સ્ટેલ્લા પરમાર-જર્સી સીટી 4. વેલેન્ટીના ટેલર-જર્સી સીટી.

ઉપરોક્ત ચારેય વિજેતાઓને "ACN" હાર્દિક અભિનંદન પાઠવે છે! વધુમાં વધુ વાચકો "બાઈબલ સ્ટડી" માં ભાગ લે તેવી અપેક્ષા!

**બાઈબલ સ્ટડી-નવે-ડિસેબર, 2011ના સાચા જવાબો:-**

(1) હોરેબ પર્વત પર ઝાડવા મધ્યે અગ્નિની જ્વાળામાં (નિર્ગમન3:2)
(2) રીબકાહે પોતાના નાના દીકરા યાકુબને હાથ ને ગળા પર ચામડા બાંધ્યા (ઉત્પત્તિ 27:16)
(3) મિસર દેશા પર 3 દિવસ અંધકાર વ્યાપી રહ્યો (નિર્ગમન 10:23)
(4) સિનાઈ પર્વત પર યહોવાહ અગ્નિ મારફતે ઉતર્યો ને ધુમાડાની માફક ચઢ્યો (નિર્ગમન 10:23)
(5) જળપ્રલય પછી નુહ સાડી ત્રણસો (350)વર્ષ જીવ્યો. આયુષ્ય સાડીનવસો (950)વર્ષ હતું (ઉત્પત્તિ 9:29)
(6) યહોવાહની આગળ બળવાન શિકારી નિમ્રોદ કુશનો દીકરો હતો. (ઉત્પત્તિ 10:9)
(7) યહોવાહે ફારૂન રાજાને લાકડી લઈને ભૂમિ પર મારવા કહ્યું ને નદી નાળાં દેડકાંથી ઉભરાઈ ગયાં (નિર્ગમન 8:5-6)
(8) યુસુફને બે દીકરા હતા. મનાશાહ અને એફ્રાઈમ (ઉત્પત્તિ 48:1)
(9) યાકુબે જે જગ્યાએ યુધ્ધ કર્યું તે જગ્યાનું નામ પનીએલ પાડ્યું (ઉત્પત્તિ 32: 29-30)
(10) મુસાએ એક મિસરીને મારી નાખ્યો તે વાતની જાણ ફારૂન રાજાને થતાં તે મુસાને મારી નાખવા ફરતો હતો. (નિર્ગમન 2:14-15)

**બાઈબલ સ્ટડી-જાન્યુઆરી-ફેબ્રુઆરી-2012**

**નીચેના પ્રશ્નોના ઉત્તર "બાઈબલ"ના જૂના કરારનાપુસ્તકો-ન્યાયાધીશ, 1,2 શમૂએલને આધારે આપો:**

(1) સિંહના ખોળિયામાંથી મધ ખાઈને પોતાનાં માબાપને પણ ખવડાવનાર વ્યક્તિનું નામ આપો.
(2) 'અબેન એઝેર' શબ્દોનો અર્થ આપો.
(3) શાઉલના કેટલા દીકરા હતા? તેઓનાં નામ આપો.
(4) દાઉદના કેટલા દીકરા હતા? તેઓનાં નામ આપો.
(5) શાઉલ પછી ઈસ્રાએલ પર કયો રાજા રાજ કરવા લાગ્યો?
(6) દાઉદને કોણે બારીએથી ઉતારી દઈ શાઉલથી તેને બચાવ્યો?
(7) શમૂએલ પ્રબોધકના કેટલા દીકરાઓ ન્યાયાધીશ તરીકે નિમાયા?
(8) શાઉલના ઘરના કયા ચાકરને પંદર દીકરા તથા વીસ ચાકર હતા?
(9) પોતાની માની પાસેથી કોણે અગિયારસો રૂપિયા ચોર્યા બાદ કબૂલાત પણ કરી?
(10) મસૂરના ખેતરમાં ભેગા થયેલા પલિસ્તીઓ સામે કોણે ખેતર વચ્ચે ઊભા રહી રક્ષણ કર્યું અને પલિસ્તીઓને મારી નાખ્યા?

* "બાઈબલ સ્ટડી"નો વિભાગ શ્રીમતિ રૂથબેન ક્રિશ્ચિયન સંભાળે છે જવાબો તેઓનાસરનામે મોકલવા વિનંતી!

* શ્રી. સદગુણભાઈ ઠાકોરે "અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ"ના અંકો મેઇલ કરવાના બધાનાં સરનામાંનાં લેબલ બનાવી આપ્યાં છે. આવી સ્વૈચ્છિક સેવા ACNને પૂરી પાડવા બદલ તેઓનો હાર્દિક આભાર!

* તા. 30 ડિસેમ્બર, 2011ના રોજ માનનીય રેવ. આશીર્વાદ કુંજરાવીઆ સાહેબની 100મી જન્મ જયંતી સફળતાપૂર્વક ઉજવાઈ. 'બર્થડે કેક' દાદા કુંજરાવીઆ સાહેબના હસ્તે કપાવીને હતી. સમગ્ર કુટુંબીજનો અને આમંત્રીતોની હાજરીમાં શુભેચ્છા ગીતો ગાઈને સન્માન આપવામાં આવ્યું. "અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ" દાદા કુંજરાવીઆ સાહેબને દીર્ઘાયુષ્ય પાઠવતાં આનંદ અનુભવે છે! "God Bless You, Dada!"

* "ક્રિસ્મસ-2011" અને "ન્યુ યર-2012"ની ઉજવણી અમેરિકાનાં અનેક રાજ્યોમાં ગુજરાતી ક્રિશ્ચિયન સંસ્થાઓ અને સમૂહો દ્વારા કરવામાં આવી હોવાના ઘણા હેવાલો છે.

* એડિસન, ન્યુ જર્સીના "ન્યુ ડોવર મેથૉડીસ્ટ ચર્ચ" ખાતે તા. 17 ડિસેમ્બર, 2011ના રોજ સર્વશ્રી રૉબીન અને મુકેશ ક્રિશ્ચિયન દ્વારા "ક્રિસ્મસ પાર્ટી"નુ આયોજન કરવામાં આવ્યું હતું. સાંજના 6:30થી રાતના 12 સુધી 200 ઉપરાંત ક્રિશ્ચિયઓનોએ પરિવાર સહિત ભાગા લીધો હતો. નાતાલનાં ગીતો, ભજનો, બાઈબલ વાચન અને ગરબા-દાંડિયારાસમાં સૌએ ઘણા ઉત્સાહથી ભાગ લીધો હતો. સ્વાદિષ્ટ વિવિધ વાનગીના ભોજન પછી પણ ગરબાની રમઝટમાં સૌ જોડાયાં હતાં.

* તા. 17 ડિસેમ્બર, 11ના શનિવારે "ગુજરાતી કેથલિક સમાજ ઑફ યુએસએ" દ્વારા "ક્રિસ્મસ કેરૉલ"નો કાર્યક્રમ ઉત્સાહપૂર્વક યોજાયો. સવારના 10 વાગ્યાથી રાત્રિના 11:30 સુધીમાં સંસ્થાના સભ્યોએ 20થી વધુ કુટુંબોના રહેઠાણની મુલાકાત લઈને નાતાલનાં ગીતો વાજિંત્રો સાથે ગાઈ-વગાડી ગીતો-ભજનોનો આનંદ માણ્યો. બપોરનું લંચ શ્રી શાંતિલાલ પરમાર અને અનિતાના બ્લ્યુમ્ફિલ્ડ નિવાસે અને રાત્રે પીઝા પાર્ટી શ્રી. જગદીશ અને ક્લેરા ક્રિશ્ચિયનના વુડબ્રીજના નિવાસે લઈને કાર્યક્રમ પૂર્ણ થયો હતો

* તા.18 ડિસેમ્બર, 2011ને રવિવારે "ઈન્ડિયન ક્રિશ્ચિયન વિમેન્સ એસોસીએશન ઑફ નૉર્થ અમેરિકા"ના ઉપક્રમે "ક્રિસ્મસ સેલીબ્રેશન" ન્યુયૉર્ક ખાતે ભવ્ય રીતે ઉજવાયો. ક્રિસ્મસ ગીતો, ક્રિસ્મસનો સંદેશો અને ગરબાની રમઝટમાં સૌએ હોંશથી ભાગ લીધો હતો. રેફરલ ડ્રૉની ગીફ્ટ જાહેરાતમાં બહુ મજા મળી. સંસ્થાના નવા હોદેદારોની જાહેરાત કરાઈ. સ્વાદિષ્ટ ભોજન બાદ ખુશીઆનંદમાં કાર્યક્રમ સંપન્ન થયો.

* જર્સી સિટી, નૉર્થ બર્ગન અને યુનિયન સીટીમાં પણ સર્વશ્રી. ઈલા જૉબર્ટ, જૉયસ જૉયલ, રાવજીભાઇ, વગેરેએ સમૂહમાં 'કેરૉલ સિંગીંગ'ની

યોજના કરીને કુટુંબોની મુલાકાત લઈ ગીતો-ભજનો, બાઈબલ વાચન અને સુવાર્તાસંદેશનું કાર્ય બજાવ્યું હતું.

* તા. 25 ડિસેમ્બર 11ના રોજ "ગુજરાતી ક્રિશ્ચિયન ફેડરેશન ઓફ ન્યુ જર્સી" દ્વારા હૉબોકન ચર્ચ, ન્યુ જર્સી ખાતે બપોરના 12થી 4:30 સુધી, તેમજ "ગુજરાત ક્રિશ્ચિયન ફેડરેશન ઓફ યુએસએ" તરફથી ન્યુયૉર્ક ખાતે સાંજના 6થી 12 વાગ્યા સુધી "ક્રિસ્મસ પાર્ટી"ની ઉજવણી આનંદ અને ઉત્સાહમાં સંપન્ન થઈ હતી.

* "ગુજરાતી ક્રિશ્ચિયન ફેડરેશન ઓફ ન્યુ જર્સી" દ્વારા "ન્યુ યર"ની ઉજવણી 1 જાન્યુઆરી, 2012ના રોજ હૉબોકન ચર્ચ ખાતે રાખવામાં આવી હતી. રેવ. અનિલ પટેલ સાહેબે ભક્તિસભા સંભાળી હતી.ગીતો, ભજનો અને ગરબામાં સૌએ ઉત્સાહથી ભાગ લીધો હતો.

* "ગુજરાતી કેથલિક સમાજ ઑફ યુએસએ" દ્વારા 1 જાન્યુઆરી, 2012ને રવિવારે જર્સીસીટીના "સેંટ નિકોલસ ચર્ચ"માં ગુજરાતી "ખ્રિસ્તયજ્ઞ"માં ગુજરાતી કેથલિક પરિવારોએ ભક્તિભાવે હાજરી આપી હતી. ન્યુયૉર્કસ્થિત રેવ. એલેક્ષ ગુજરાતીમાં ભક્તિવિધિ કરાવી હતી.

* કેલિફૉર્નીઆ, શિકાગો, લૉસ એન્જેલસ, ફિલાડેલ્ફિયા, વગેરે ઘણાં સ્થળોએ કેટલીક સંસ્થાઓ અને સમૂહો દ્વારા "નાતાલ" અને "નૂતન વર્ષ" એમ બંને મંગળ અવસરો ધામધૂમથી ઉજવાયા હતા. કેટલાંક સમૂહોએ ડિસેમ્બર મહિનાના શનિ અને રવિવારે "ક્રિસમસ કેરૉલ"નું આયોજન કરીને નાતાલ ગીતો અને ભજનોથી ખ્રિસ્તી પરિવારોની મુલાકાતો ગોઠવીને નાતાલની પૂર્વ તૈયારીના માહોલ સર્જ્યા હતા.

*** Maniben Chitnis** (05/24/1907-01/16/2012), the mother of Mr. Vinubhai Chitnis, Madhubhai Chitnis, Vijaybhai Chitnis, Chandrakant Chitnis of N. Carolina, Hemlata Hiram Christian of California and Shobha Chitnis, passed away on Monday, January 16, 2012 at Meadowbrook Manor (Nursing Home), Naperville, IL. She went peacefully into the arms of Lord Jesus.

સ્વર્ગસ્થની "ફ્યુનરલ સર્વિસ" તા. 21 જાન્યુઆરી 2012ના રોજ Grace Pointe Church, 1320 E Neperville, IL ખાતે સગાંસંબંધી, મિત્રોના મોટા સમૂહ સાથે ધાર્મિક વિધિથી સંપન્ન થઈ હતી. 104વર્ષનું દીર્ઘ આયુષ્ય ભોગવનર પ્રભુનાં સેવિકા વિશાળ પરિવારને છોડીને પ્રભ પાસે ગયાં છે. પ્રભુ પરિવારજનોંને સાંત્વન પુરાં પાડે તેવી પ્રાર્થના!

સ્વ.ના પાર્થિવ દેહને વતનમાં લઈ જવાની વ્યવસ્થા કરાઈ છે.

* ન્યુજર્સીસ્થિત શ્રી. રજની અને અમિત મેકવાનના પિતાજી સ્ટીફન મેકવાન તા. 27 ડિસેમ્બર, 2011ના રોજ હાર્ટ એટેક્ના હુમલામાં પ્રભુમાં ઊંઘી ગયા છે પત્ની પૂર્વી અને બે બાળકો સાથે અમિત મેકવાન, અમદાવાદ ખાતે સ્વર્ગસ્થનાં પત્ની કેથરિન-નીરૂ અને દીકરી માલતીને ફ્યુનરલમાં ભાગીદાર થવા ઈન્ડીયા ગયાં હતાં. પ્રભુ સ્ટીફનને પરમ શાંતિ અને સ્વર્ગીય સુખમાં વિસામો આપે અને દુ:ખી પરિવારને હિંમત અને દિલાસો આપે તેવી પ્રાર્થના! કેથરિન મેકવાન, મારા (જૉસેફ પરમાર)ના મોટાભાઇ સ્વ. સેવરીનભાઈની દીકરી છે.

* રેવ. કુંજરાવીઆ સાહેબની 100મી બર્થ ડે ની ઉજવણી નિમિત્તે તેઓશ્રી તરફથી "અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ"ને ઉદાર દિલે **$50.00** દાન આપ્યું છે. "ACN" હાર્દિક આભાર સાથે સ્વીકાર કરતાં શુભેચ્છા પાઠવે છે!

---

જ્યારે લાંબું આયુષ્ય ભોગવનારની જન્મતિથિ ઉજવાય છે ત્યારે કેટલાકને પ્રશ્ન થાય છે કે, આટલી મોટી ઉંમર સુધી તંદુરસ્તી જળવાઈ રહ્યાનં રહસ્યશું હશે? *ઑરિસન સ્વેટ માર્ડન* ના લખેલા "સદા યુવાન રહો!" અંગેના વિચારો જાણીએ, સમજીએ અને અમલમાં પણ મૂકીએ;

"કદી પણ એમ ધારશો નહિ કે, તમારી વય અધિક થઈ હોય એટલા માટે તમારે વિકાસ પામતા-પ્રગતિ કરતા બંધ થવું જોઈએ. જો તમે આવો વિચાર કરતા રહેશો તો તમે સીઘ્ર વૃધ્ધાવસ્થાને પ્રાપ્ત કરશો. તમે તરૂણ જ છો એ વિચારને કદી તિલાંજલિ આપશો નહિ. કદી પણ એમ કહેશો નહિ કે, અમુક્તમુક કાર્ય તમે એક સમયે કરી શકતા હતા, તેવી રીતે હલ કરી શકતા નથી! તારુણ્યમય જીવન ગાળો. ગમે તેટલું આયુષ્ય ભોગવ્યું હોય, તોપણ પુન: મન દ્વારા એક છોકરા કે છોકરીના જેવું જીવન ગાળતાં ડરશો નહિ.

તમારી રીતભાત એવી રાખજો કે, એમાં વૃધ્ધાવસ્થાનું લેશ પણ ચિહ્ન આવે નહિ. સ્મરણમાં રાખજો કે, સડી ગયેલું મન, ખવાઈ ગયેલું મગજ જ શરીરને વૃધ્ધ બનાવી દે છે. માટે વિકાસ પામતા રહો. તમારી આસપાસની પ્રત્યેક શુભ વસ્તુમાં રસ લેતા રહો!"

---

* જર્સી સીટીસ્થિત કેતન રસિન ભાટીયા તરફથી **$20.00** દાન પેટે મળ્યા છે. "ACN" હાર્દિક આભાર માને છે!

* સેમસન મેકવાન-શિકાગો તરફથી $25.00 દાન મળેલ છે. આભાર!

* મિ અને મિસિસ સુમન ગામડિયા તરફ્ફથી **$20.00** દાન મળેલ છે. "ACN" હાર્દિક આભાર માને છે!

* "અમેરિકન ક્રિશ્ચિયન ન્યુઝ" વિનામૂલ્યે તંત્રીશ્રી કૉમ્પ્યુટર સેટિંગ્સ કરે છે. અંકોની છપામણી શ્રી. રૉબીન ક્રિશ્ચિયન વિનામૂલ્યે સંભાળે છે. ફક્ત અંકો સરમાની યાદી મુજબ મેઇલ કરવાની માનદ સેવા શ્રીમતિ રૂથબેન ક્રિશ્ચિયન સંભાળે છે. અંકો ટપાલથી મોકલવાનો પૉસ્ટલ સ્ટેમ્પ્સ ખર્ચની જરૂર રહે છે. જે માટે ફક્ત રોકડ દાન સ્વીકારવામાં આવે છે. સ્વૈચ્છિક દાન આપનાર ઉદાર દાતાઓનો આભાર!

---

40 "વર્કક્રેડિટ" અને 65 કે યોગ્ય ઉંમરે માસિક રિટાયરમેન્ટ-સોશિયલ સીક્યૉરીટી મેળવતા લાભાર્થીઓ, જેઓ પોતાની આવક ઉપર કાયદેસર ટેક્ષ ચૂકવ્યો હોવાથી માસિક રિટાયરમેન્ટની રકમ સાથે **"મેડિકેર" હેલ્થ ઇંસ્યોરન્સ**" મેળવે છે તેઓ-ખરેખરા હક્કદાર. પોતે કમાયેલી આવક્ને કારણે હક્કદાર. "મેડિકેર" હેલ્થ ઇંસ્યૉરન્સ" ના ત્રણ મુખ્ય વિભાગો છે;

1. Medicare-Part A જે હોસ્પિટલ કવરેજ માટે છે. 40 કે વધુ "વર્કક્રેડિટ" અને 65 કે વધુ ઉંમરે મળવાપાત્ર Part Aનું માસિક પ્રિમિયમ 2012માં માસિક $451.00 છે, જે 40 કે તેથી વધુ "વર્કક્રેડિટ" ધરાવનાર Medicareના લાભાર્થીએ ચૂકવવાનું હોતું નથી.

જેઓ 65 વર્ષ કે વધુ ઉંમરે 30 -39 "વર્કક્રેડિટ" મેળવી હોય અને જો Medicare-Part Aના લાભો મેળવવા હોય તો તેઓ દર મહિને $ 248.00 ચૂકવીને કવરેજના લાભો મેળવી શકે છે. $ 248.00 રકમ દર મહિને ચૂકવીને Part A હોસ્પિટલ કવરેજ મેળવે તો સરવાળે ફાયદાકારક ગણાય. પછી દર વર્ષે ટેક્ષ રિટર્ન ભરીને જ્યારે 30 -39 "વર્કક્રેડિટ" ઉપરથી 40 "વર્કક્રેડિટ" ઉપર પહોંચે ત્યાર પછી દર માસે પ્રિમિયમ ચૂકવવામાંથી મુક્તિ મળી જાય છે.

* **January 2012** ફક્ત "મેડિકેર" ધરાવનાર પતિ કે પત્ની 40 'વર્ક ક્રેડિટ' અને 65 કે વધુ ઉંમરે "મેડિકેર" મેળવવાપાત્ર બને ત્યારે પતિ કે પત્નીમાંથી જે કોઈ જ્યારે 65 વર્ષની ઉંમરે પહોંચે ત્યારે બેમાંથી જેની લાયકાતને કારણે "મેડિકેર" મળેલ હોય તે હક્કથી જે પતિ કે પત્નીનો "મેડિકેર" મેળવવાનો **હક્ક ના હોય તો** પણ 65ની ઉંમર પૂરી થતાં મળે, જે માટે ક્લેમ-માગણી કરવી પડે. આ વિગત-નિયમ વધુ સ્પષ્ટતાથી સમજીએ;

દા. તરીકે 65 વર્ષના જશભાઇ અને 63 વર્ષનાં સુધાબેન પતિપત્ની છે. જશભાઇ જોબ કરે છે. સુધાબેન જોબ કરે છે કે નથી કરતાં. જશભાઇ પોતાની 40 કે વધુ "વર્કક્રેડિટ" જમા થતાં અને **65 વર્ષની ઉંમર પૂરી થતાંના ત્રણ-3 મહિના પહેલાં** "મેડિકેર" માટે ક્લેમ-માંગણી કરે છે. લાલ અને ભૂરા પટ્ટાવાળું "મેડિકેર" કાર્ડ જશભાઈને ઉંમરનું 66મું વર્ષ બેસે ત્યાર પહેલાં મળી જાય છે. અને 66મું વર્ષ બેસે ત્યારથી "મેડિકેર"ના Part A અને Part Bના હેલ્થ વિમાના લાભ મળવા શરૂ થાય છે. "મેડિકેર કાર્ડ" મળી જાય એટલે તરત જ લાભાર્થીએ કાર્ડ પર સહી કરી દેવી. સહી કરેલું "મેડિકેર" કાર્ડ જ અધિકૃત્ત ગણાય છે. સુધાબેનને 65 પૂરાં થતાં "મેડિકેર કાર્ડ" માટે ક્લેમ કરવો.

Medicare હેલ્થ ઇન્સ્યૉરન્સ **લાઈફ ટાઈમ માટે**ના લાભ મેળવવા જોબ કરીને વાર્ષિક આવક ઉપર જરૂરી ટેક્ષ ચૂકવવો જરૂરી. જ્યારે Medicareની

પાત્રતા મળે ત્યારે હેલ્થ કેરનો-'મેડિકેર' **વ્યક્તિનો હક્ક બને છે.** માટે જ્યારે પણ Medicare મળવાયોગ્ય હોય ત્યારે સ્વીકારી લેવો તેમાં શાણપણ છે.

Medicareના Part Aમાં હૉસ્પિટલ કવરેજ મળે છે. તેનું માસિક પ્રિમિયમ સને 2012માં **$451 .00** છે, કે જે **40 કે વધુ "વર્કક્રેડિટ" જમા હોય તેવી વ્યક્તિએ ચૂકવવાનું હોતું નથી.** જેનો અર્થ છે. દર માસના પ્રિમિયમના **$451/** ની માફી મળે છે! "મેડિકેર" કાર્ડ ધરાવનારના પતિ/પત્નીને પણ 65ની વયે "મેડિકેર" કાર્ડ મળવાપાત્ર હોય છે.

જે વ્યક્તિના નામે **31-39** વર્કક્રેડિટ જમા થયેલી હોય અને વ્યક્તિ 65 વર્ષ કે તેથી મોટી ઉંમરેપહોંચે ત્યારે Medicare મેળવી શકે છે. પણ તેવી વ્યક્તિએ Medicare Part Aનું માસિક પ્રિમિયમ **$451.00** ચૂકવવામાં રાહત મળે છે, અને 'પાર્ટ એ'-હૉસ્પિટલ કવરેજના લાભો ફક્ત **$248.00** માસિક પ્રિમિયમ ચૂકવવાથી મળી શકે છે. આવી પાત્રતા ધરાવનારે Medicareના Part Bનું માસિક પ્રિમિયમ જે હોય તે પૂરેપૂરું ચૂકવવાનું હોય છે. **$248.00** માસિક પ્રિમિયમ ચૂકવીને હૉસ્પિટલ કવરેજના લાભ મેળવવા ફાયદાકારક છે!

હવે આવે છે **Part Bના માસિક પ્રિમિયમની** બાબત **કે જે <u>દર</u> <u>મહિને</u> <u>જીવનભર</u> <u>ચૂકવવાનું</u> <u>હોય</u> <u>છે!</u>** સને 2011ની સાલમાં Part Bનું માસિક પ્રિમિયમ **$115.40** હતું. સને **2012**માં Part Bનું માસિક પ્રિમિયમ ઘટીને **$99.90** જાહેર થયું છે! દર મહિને આ Part Bનું માસિક પ્રિમિયમ ચૂકવવાનું હોવાથી ઘણાબધાં પોતાની પૈસા બચાવવાની બુધ્ધિ ચલાવે છે! *"દર મહિને આટલા બધા પૈસા તે ખર્ચાય?" "Part B નથી રાખવો! Part B રદ કરાવી દઈએ તો દર મહિને પ્રિમિયમના પૈસા તો બચે?"* આવી તદન ઊંધી ગણતરી કરનરાને ખ્યાલ નથી કે Part Bનું માસિક પ્રિમિયમ ચૂકવવાથી પોતાની તંદુરસ્તી સચવાય તેવા કેટલા બધા મેડિકલ લાભ મળે છે? તે ના મળે અને Part Bમાં કવર થતા હેલ્થના લાભો લેવા જવાથી Part B સ્વીકારેલો ન હોય તો 100% ખર્ચ બીલ ચૂકવવાનું આવે! અને ત્યારે કરેલી ભૂલ માટે પસ્તાવો થાય અને પૈસા ખર્ચ્યા વિના કોઈ આરો રહે નહિ. મનને ઢંઢોળજો; જીવનમાં પૈસા મહત્ત્વના છે કે તંદુરસ્તી? **જો તંદુરસ્તીને પ્રથમ પસંદગી આપતા હો તો** દર માસે Part Bનું પ્રિમિયમ ચૂકવવાની ચિંતા છોડીને Part B સ્વીકારીને ચાલુ રાખશો!

**યાદ રહે**; જ્યારે પણ વ્યક્તિ Medicare મેળવવાને લાયક બને છે ત્યારે જો આ મહત્ત્વનો, જીવનભરના ફાયદાનો આરોગ્ય વિમો ના સ્વીકારે તો વિલંબથી Part B સ્વીકારવા બદલ દર એક માસના વિલંબા માટે 10% પેનલ્ટી Part Bના માસિક પ્રિમિયમમાં ઉમેરાય અને આ બોજો આજીવન-કાયમી વ્યક્તિએ ભોગવવાનો રહે છે. આવા ઘણા કિસ્સા બને છે. કાં તો વ્યક્તિએ પેનલ્ટી સાથે જીવનભર Part Bનું પ્રિમિયમ ચૂકવવું પડે કાં તો Part B વિના ચલાવવું પડે! બધી રીતે મૂલવતાં પેનલ્ટી સાથે Part Bનું પ્રિમિયમ ચૂકવવું આગળ પડે. વ્યક્તિએ જાતે પોતાના હિતમાં નિર્ણય લેવાનો રહે છે! એક તરફ સરકાર 40 વર્કક્રેડિટ મેળવેલા 65 કે તેથી વધુ ઉંમરની વ્યક્તિને પોતાની તંદુરસ્તી જાળવવા લાઈફ ટાઈમનો Medicare હેલ્થ ઇંસ્યૉરન્સ માસિક પ્રિમિયમથી આપવાની ઉપયોગી સવલત આપે છે, ત્યારે બીજી તરફ વ્યક્તિ પૈસા બચાવવાની લ્હાયમાં પોતાની તંદુરસ્તી માટે જોખમ વહોરીલે છે!

## નવેમ્બર, ડિસેમ્બર-2011, જાન્યુઆરી- ફેબ્રુઆરી 2012 વિઝા બુલેટીન

| ફેમિલિ કેટેગરી | નવેમ્બર-11 | ડિસેમ્બર-11 | જાન્યુઆરી-12 | ફેબ્રુઆરી-12 |
|---|---|---|---|---|
| **F-<u>1</u>** | 22 Jul 04 | 01 Sep-04 | 15 Oct.-04 | **22 Dec--04** |
| **F-<u>2 A</u>** | 15 Feb 09 | 22 Mar-09 | 22 April-09 | **08 Jun-09** |
| **F-<u>2 B</u>** | 01 Aug 03 | 15 Aug-03 | 08 Sep-03 | **15 Oct-03** |
| **F-<u>3</u>** | 22 Sep 01 | 08 Oct-01 | 01 Nov-01 | **01 Dec-01** |
| **F-<u>4</u>** | 15 Jun 00 | 15 Jul-00 | 15 Aug-00 | **08 Sep-00** |

**પાછળના ત્રણ મહિનાની વિગત એટલા માટે રજૂ કરી છે કે, ચારે કેટેગરી દર માસે આગળ વધે કે નહિ? તે સમજાય. આથી પોતાના વિઝા માટે ધીરજ રાખો.**

**ઉપરોક્ત કોઠા મુજબ <u>ફેબ્રુઆરી -2012ની</u> વિઝાની વિગત નીચે મુજબ છે:-**

F-<u>1</u>-અમેરિકન સીટીઝન<u>નાં</u> <u>અપરણિત</u> <u>સંતાનો-</u>**22 December, 2004** ગયા માસથી **38 દિવસ આગળ** વધી, એટલે ટૂંક સમયમાં નોર્મલ થવાની આશા)
(યુએસ સીટીઝનનાં પતિ/પત્ની, માતા/પિતા, અપરણિત સંતાનો આ કેટેગરીમાં)

F-<u>2 A</u> ગ્રીનકાર્ડધારકનાં પતિ/પત્ની અને **21 વર્ષથી ઓછી ઉંમરનાં અપરણિત** સંતાનો- **08 Junel, 2009** (ગયા મહિનાથી **46** દિવસ આગળ ગઈ છે)

F-<u>2 B</u>– ગ્રીનકાર્ડધારકનાં પતિ/પત્ની અને 21વર્ષથી વધુ ઉંમરનાં **(અપરણિત)** સંતાનો-**15 October, 2003** (ગયા મહિનાથી હવે આ મહિને **ફક્ત 37 દિવસ આગળ વધી છે.** આ કેટેગરી હવે દર માસે આગળ વધશે, તેમ જણાય છે.)

F-<u>3</u>–અમેરિકન સીટીઝનનાં **પરણિત** સંતાનો-**01 December, 2008**
(આ કેટેગરી ગયા મહિનાથી **ફક્ત 30 દિવસ આગળ વધી** છે)

F-<u>4</u>–**અમેરિકન સીટીઝનનાં** ભાઈ/બેન, ઓરમાન ભાઈ/બેન-**08 Septembr, 2000**
(ગયા મહિનાથી આ ફાઈલ **24 દિવસ આગળ વધી** ખરેખર તો જાન્યુઆરીમાં પહોંચી હતી, ત્યાંથી હજી **1 વર્ષ, 3 મહિના પાછળ** જ છે)

**હવે આ મહિને બધી જ કેટેગરી માટે સારું છે. જેથી ટૂંક સમયમાં જ બધી કેટેગરી આગળ દોડતી થઈ જશે તેવી આશા!** uscis.gov <u>વેબ</u> <u>સાઈટ</u> <u>ઉપર</u> <u>મૂકાયેલી</u> <u>છેલ્લામાં</u> <u>છેલ્લી</u> <u>માહિતી</u> <u>આખરી</u> <u>ગણવી</u>. પોતાનાં બ્લડ રીલેશન-લોહીનાં સગાંની ફાઈલ **એપ્રુવલ તારીખે** ક્યારે પહોંચશે, તે વિઝા બુલેટીનથી જાણી શકાય. ઉપરોક્ત માહિતી વાચકોની વિનંતીથી રજૂ કરાય છે,

પોતાનાં સગાંની વિઝા ફી ચૂકવી હોય તો સ્પોન્સરશીપનાં પેપરો **સગાંના વિઝાકોલ આવ્યા બાદ** યુએસ વિઝા સેન્ટરમાં મોકલવાં હિતાવહ રહેશે.

બધી ફેમિલિ કેટેગરી ચાલુ જ છે, લોહીના સંબંધે પતિ/પત્ની, ભાઈ/બેન, દીકરા-દીકરી, માતા/પિતાની ફાઈલ ચાલુ જ છે. હાલ ધીમી આગળ વધે છે, જેથી **બંધ થઈ છે, તેવું સમજતા નહિ.**

***નોંધ:*** *ઉપરોક્ત તમામ માહિતી રજૂકર્તાની સમજ, અને કાયદાના અર્થઘટન મુજબ સરળ ગુજરાતી ભાષામાં રજૂ કરી છે, જે વિશ્વસનીય હોવા છતાં માહિતીના ઉપયોગ માટે રજૂકર્તા, તંત્રી કે પ્રકાશક જવાબદાર નથી.*

**ખુશ ખબર:- "સોશિયલ દર્પણ"ની બીજી આવૃત્તિ "અમેરિકામાં સીનિયરોને મળતા લાભો" નામે** એપ્રિલ 2012ની આખર સુધીમાં પ્રસિધ્ધ થનાર છે. કિંમત અને કેવી રીતે મેળવી શકાશે તે માટે "American Christian News" વાંચજો!

**From:- AMERICAN CHRISTIAN NEWS**

Community Paper soliciting your Co-operation

**<u>I.D. # 11-2917985 August 28, 1988</u>**

**"Gujarati Christian Church"**

17, Dart Mouth Ave, Avenel, NJ 07001-1804

**Phone # (732) 750-4064**

**To,**